www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2016 MAINS PAPER A DECEMBER 07, 2016 GUJARATI (COMPULSORY) LANGUAGE QUESTION PAPER

# GUJARATI

## ( Compulsory )

| Time Allowed : Three Hours | Maximum Marks : 300 |
|---|---|

### QUESTION PAPER SPECIFIC INSTRUCTIONS

**Please read each of the following instructions carefully before attempting questions**

All the questions are to be attempted.

The number of marks carried by a question/part is indicated against it.

Answer must be written in GUJARATI (Gujarati script) unless otherwise directed in the question.

Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.

Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

---

# ગુજરાતી

## ( ફરજિયાત )

| સમયમર્યાદા : ત્રણ કલાક | મહત્તમ ગુણ : 300 |
|---|---|

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો.**

બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) આપવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.

પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**1.** નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો : 100

*(a)* સંસ્કૃતિનું મહત્ત્વ શા માટે?

*(b)* સ્માર્ટ નગર અને અનસ્માર્ટ નાગરિક!

*(c)* ન્યાયિક સક્રિયતા (Activism) વિરુદ્ધ ન્યાયિક અસીમતા (Overrcach)!

*(d)* આપણો વારસો અને શાળાનાં બાળકો.

**2.** નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ અને સાચા ઉત્તર તમારી ભાષામાં આપો: 12×5=60

એમ કહેવાય છે કે સ્ત્રીઓ અડધા આકાશમાં છવાયેલી છે. આપણે તેમાં સંશોધન કરીને કહી શકીએ કે તે એનાથી પણ વધારે સ્થાનની અધિકારી છે. પરંતુ તો પણ દરેક દેશના ઇતિહાસમાં બધા કાળ, સંસ્કૃતિ અને પરંપરા, ક્ષેત્ર, ધર્મ, જાતિ, વર્ગ, શ્રેણી, માનવવંશ, માન્યતા, વર્ણ જુદાં જુદાં વૈવિધ્યપૂર્ણ અતીત તથા વર્તમાનકાળમાં સ્ત્રીઓનું જીવન પ્રત્યેક પ્રભાવિત ક્ષેત્રમાં પુરુષો કરતાં ઓછું અંકાયું છે. તેમની સાથે પુરુષની સરખામણીએ ભોજન, કાર્ય, શિક્ષા, સ્વાસ્થ્ય તથા વિકાસમાં સામેલ થવા યોગ્ય તકો, નેતૃત્વ તથા પાતાનાં સ્વપ્નોને સાકાર થવા દેવામાં ભેદભાવ રખાય છે. તે સાચા અર્થમાં વિશ્વમાં સૌથી મોટી 'લઘુમતી' કહી શકાય.

પિતૃસત્તા વ્યવસ્થા, સ્ત્રીને વ્યક્તિ તરીકે નથી જોતી, તેની પોતાની એક ઓળખ હોય છે. એ એવી કર્તા છે જે સ્વતંત્ર ઇચ્છા શક્તિ ધરાવે છે. તે એ રીતે નથી જોવાતી કે તેનું પોતાનું ગૌરવ અને સ્વાયત્તતા છે; એ સામાજિક વ્યવસ્થા, ન્યાયિક વ્યવસ્થા કે સંસ્થાઓમાં અને દરેક ક્ષેત્રમાં તેના સમાન અધિકારો છે; તે પણ સન્માનની અધિકારિણી છે, પણ તેના બદલે તે માત્ર જોવાય છે પુરુષના સાધનરૂપે. તેને પ્રજોત્પાદનકાર, સાર સંભાળ કાળજી રાખનાર, યૌનતૃપ્તિની પૂર્તિના સાધન અને પરિવારની સામાન્ય સંપન્નતાના વાહકના રૂપમાં જોવાય છે. તેની સાંસ્કૃતિક સ્વીકૃતિ માત્ર એટલી છે કે તે કોઈ પુરુષની પુત્રી, પત્ની કે મા છે. આનાથી વધુ તેની કોઈ ઓળખ નથી અને એવી ઓળખ ન રહે પછી એને હેય દૃષ્ટિથી જોવામાં આવે છે.

અકેલી સ્ત્રી એક વૃત્ત બહાર ઊભેલ સાધન કે ઉપકરણ રૂપે છે. તેની સાંસ્કૃતિક સ્વીકૃતિ વિવાહયોગ્ય અવસ્થાના ભાગરૂપે છે. પરંતુ તેમ છતાં અત્યાર સુધી જે વિવાહિત નથી અથવા જે વિધવા છે, લગ્નવિચ્છેદબાદ જુદી થયેલ છે, જેને પુરુષના સુરક્ષાવૃત્તનો અભાવ છે, એ જ્યારે એ સુરક્ષાવૃત્તનો અસ્વીકાર કરે, કાં તો જ્યારે પોતાના સાથીને દુર્ઘટના કે બિમારીમાં ગુમાવી દે છે અને સ્વેચ્છાએ એ સુરક્ષાવૃત્ત ને રદ્દ કરે છે, તેના પ્રત્યે સમાજ અણગમો ધરાવે છે. એટલું જ નહિ પરંતુ જ્યારે એ પુરુષના પડછાયા બહાર પોતાના અસ્મિતાના વ્યાપ સાથે એકલી રહી જીવન જીવે છે એવી સ્ત્રી પર પુરુષને સૌથી વધુ દ્વેષ છે.

સર્વાધિક વિકસિત દેશોમાં પણ સ્ત્રીઓ 60 થી 80 ટકા ભોજનનું ઉત્પાદન કરે છે. અને વિશ્વના અડધા ભોજન ઉત્પાદનકર્તા તરીકેનું શ્રેય પણ એને જ જાય છે.

સાંસ્કૃતિક રૂપમાં જોવામાં આવે તો પણ અધિકાંશ ઘરોમાં સ્ત્રી જ ભોજન-પ્રદાતા છે. તે છતાં પણ ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક પ્રથાઓ એ નિશ્ચિત કરે છે કે ઘરમાં સ્ત્રી ઓછું ખાય, છેલ્લે ખાય અને કયારેક તો ખાવાનું ન પણ બચે! એવા ઘરોમાં જ્યાં પર્યાપ્તમાત્રામાં ભોજન છે ત્યાં પણ સ્ત્રીઓને પોષણયુક્ત ભોજન તો નથી જ મળી શકતું. એકલી રહેતી સ્ત્રી પણ સામાજિક બંધનો અને કેટલાક ભેદભાવને કારણે આ શ્રેણીમાં આવે છે. જો કે જે એકલી છે તે પોતાના આત્મવિશ્વાસથી દુનિયામાં સંઘર્ષ કરે છે.

ભારત તે દેશોમાંનો એક દેશ છે જ્યાં પુરુષોની તુલનાએ સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. દેશની જનસંખ્યામાં સ્ત્રીઓની ટકાવારી છેલ્લી શતાબ્દીથી વધુ ને વધુ સતત ઘટી રહીછે. 2001ની વસ્તી ગણતરીથી જાહેર થયું કે 1000 પુરુષોની સમાન્તરે 933 સ્ત્રીઓ છે. જો પુરુષોની જેમ સ્ત્રીઓને પણ સમાન જીવન જીવવાની તક મળે અને સાથે તેમના સ્વાસ્થ્ય અને પોષણનું ધ્યાન રાખવામાં આવે તો એવી પ્રબળ શક્યતાઓ છે કે પુરુષ અને સ્ત્રીની સંખ્યા અંદાજે લગભગ સમાન થઈ જાય। અત્યારે 2001 માં પુરુષોની તુલનાઓ સ્ત્રી 3 કરોડ 50 લાખ ઓછી હતી. આ જાતિસંબંધી ગુણોત્તર (Sex Ratio) 2011 ની વસ્તી ગણતરીમાં નજીવો સુધરેલો જોવા મળે છે. એટલે 933 ની તુલનાએ 940 થયો. એક ગંભીર ચિંતાનો વિષય એ છે કે 2001 માં 6 (છ) વર્ષ સુધીનાં બાળકોમાં છોકરાઓની તુલનાએ છોકરીઓનો જન્મદર 927 જ રહી ગયો અને 2011 માં વધુ લઘુતમ માત્રામાં ઘટી ભાંગતા જન્મદર 914 થયો. આ સંખ્યા બતાવે છે કે સામાજિક અને સાંસ્કૃતિક ભેદભાવ તથા વધતાં વૈજ્ઞાનિક સાધનોને કારણે સતત સ્ત્રીઓના જીવન-અવસર ઓછાં થતાં જાય છે.

એમ કહેવાય છે કે ભારતીય સમાજમાં નિયમિતરૂપે લાખો છોકરીઓ તથા સ્ત્રીઓને મારી નાખવામાં આવે છે.

પ્રશ્નો :

*(a)* વસ્તી ગણતરી (જનસંખ્યા)ના આંકડા છોકરીઓ અને સ્ત્રીઓ સંબંધિત કયો સંદેશ આપે છે?

*(b)* ભોજન તથા સ્ત્રીઓ સંદર્ભે થતી અસમાનતાની વિડંબના શું છે?

*(c)* ''સ્ત્રીઓ અડધા આકાશમાં છવાયેલી છે.'' આ કથન દ્વારા લેખકને શું અભિપ્રેત છે?

*(d)* પિતૃસત્તાક સમાજમાં સ્ત્રીઓ કઈ રીતે માત્ર સાધનરૂપે રહી ગઈ છે?

*(e)* લેખકના મત મુજબ એકલી સ્ત્રીને આપણા સમાજમાં કઈ રીતે આસાનીથી ક્ષતિ પહોંચાડી શકાય?

**3.** નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો. શીર્ષક આપવાની જરૂર નથી. 60

આપણામાંથી મોટોભાગના લોકો એ વાત સાથે સંમત હશે કે વફાદાર હોવું પ્રશંસનીય છે. આપણે આપણા પરિવાર પ્રતિ, મિત્રો પ્રતિ તથા આપણા દેશપ્રતિ વફાદારીને પસંદ કરીએ છીએ. વાસ્તવમાં એ સર્વ પ્રત્યે વ્યક્તિગત રીતે કે સમૂહ પ્રતિ આપણે વફાદાર રહેવું પણ જોઇએ, જેના પ્રતિ આપણે આભારી હોઇએ છીએ. અને જ્યારે આપણે વફાદારી ની વાત કરીએ છીએ ત્યારે તેનો અર્થ એ તમામ મુશ્કેલીમાં કે વિપત્તિમાં હોય ત્યારે એમને સહાય કરવા આપણે હાજર રહેવું જોઇએ તથા દરેક વખતે તેમની ભલાઈમાં અભિરુચિ દાખવીએ.

એવું પણ સ્પષ્ટ રૂપમાં જોવા મળે છે કે કોઈ વ્યક્તિ બેવફા ત્યારે થઈ જાય છે, જ્યારે એ પોતાના માતા-પિતા પ્રત્યે ઉદાસીન હોય; પોતાના દેશની એના વિરુદ્ધ વિદ્રોહ કરે અને પોતાના જ દેશના લોકોને અંધાધૂંધ મોતને ઘાટ ઉતારે. આ પ્રકારના લોકોને આપણે મોટે ભાગે અનુમોદન નથી આપતા. પરંતુ અનેકવાર એવી સ્થિતિપણ જન્મે છે કે જ્યારે એ નક્કી કરવું મુશ્કેલ થઈ જાય કે કોણ વફાદાર છે અને કોણ બેવફા છે. એક ચતુર બાળક પોતાના માતા-પિતાની સામે થઈને વિદ્યાભ્યાસ છોડીને ધન કમાવાના આગ્રહનો વિરોધ કરી શકે છે. તેને કદાચિત્ એ વિશ્વાસ છે કે તે પોતાના વિદ્યાભ્યાસને થોડાં વધુ વર્ષ ચાલુ રાખી ભવિષ્યમાં પોતાના માતા-પિતાને વધુ સારી રીતે ધન પરત કરી શકશે. અને જો તે પોતાના વિદ્યાભ્યાસ ને અહીં અટકાવી દે તો તેની પ્રતિભા વેડફાઈ જશે. અને એનો કોઈને કયારેય લાભ નહીં થઈ શકે. કેટલાક અકલ્પનીય લોકો જ આ પ્રકારે નિર્ણય લેનાર છોકરા કે છોકરીની નિંદા કરશે. પરંતુ સામાન્યરીતે આવું બાળક જો કર્તવ્યનિષ્ઠ અને સંવેદનશીલ હોય તો તેની સહાય કરવી જોઇએ. અને તેની ટીકા કે મૂલ્યાંકન ન કરતાં તેને વધુ

પ્રોત્સાહિત કરવું જોઇએ. તો બીજી બાજુ કેટલાક કોઈ વિશિષ્ટ સંજોગો અને પરિસ્થિતિઓમાં કોઈ બાળક પોતાના ગરીબ માતા-પિતાની મદદ સંબંધી આગ્રહ ને નકારી કાઢે તોં તેને બેવફા માનવામાં આવેછે. અને જો તે ભવિષ્યમાં સફળતા પ્રાપ્ત કરે તો યુવાવસ્થાની બેવફાઈ પર પ્રાયશ્ચિત્ત કરે છે.

ક્યારેક-ક્યારેક આવી સમસ્યાઓ વધુ વિકટ ત્યારે બને છે જ્યારે કોઈ વ્યક્તિને પોતાના દેશની સરકાર સાથે જોડીને એ દષ્ટિએ જોવામાં આવે છે. આપણા દેશમાં એવા કેટલાય લોકો છે જે ગંભીરતા અને દાયિત્વ સાથે રહે છે અને જીવન નિર્વાહ કરે છે. આવો સમૂહ દેશને ચાહે છે; તે દેશને પ્રસન્ન અને સમૃદ્ધ જોવા માંગે છે. માટે તેની સતત કાળજી લેછે. તો ક્યારેક ક્વચિત્ સરકાર વિરુદ્ધ વિચારી તેનો વિદ્રોહ કરે કે આ સરકાર નકામી છે ત્યારે તેની પાસે સરકાર નો અંતલાવવા કે ઉથલાવી પાડવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આવા લોકોને સરકાર તત્કાલ બળવાખોર 'વિદ્રોહી' તથા 'રાષ્ટ્રદ્રોહી' ઘોષિત કરે છે. બની શકે કે તે વિદ્રોહી હોય પરંતુ કદાચ તેને 'રાષ્ટ્રદ્રોહી' કહેવું યોગ્ય ન જણાય. બની શકે કે આવો સમૂહ સરકાર કરતા પોતાના દેશવાસીઓ પ્રત્યે વધુ વફાદાર હોય. કમભાગ્યે એ ત્યાં સુધી કહેવું મુશ્કેલ બને છે કે તે સમૂહનો વિદ્રોહ દેશ પ્રત્યેની વફાદારી ને કારણે પ્રેરિત છે કે તેના અંગત સ્વાર્થને કારણે, જ્યાંસુધી તે વિદ્રોહ સફળ ન થાય. પછી એ પ્રશ્ન ઉઠે છે કે હવે જ્યારે વિદ્રોહી સફળ થઈ ગયા છે અને તેમણે નવી સરકાર બનાવી લીધી છે, તો શું એ આ સ્વીકારશે કે દેશની સમસ્ત જનસંખ્યા અને રાજકીય શત્રુઓના પણ કેટલાક ન્યૂનતમ અધિકાર હોય છે. જેમ કે પોતાના મતોને પૂરી સ્વતંત્રતા થી પ્રસ્તુત કરવાનો અધિકાર અને લોકપ્રિય સહકાર આપવાનો અધિકાર. અથવા તો તે સમૂહ પોતાના સામર્થ્યનો ઉપયોગ રાજકીય શત્રુઓને ખતમ કરવામાં કરી રહ્યા છે. જો એ પ્રથમ આચરણ કરી રહ્યા હોય તો સમજો કે તે પોતાના સમૂહના લાભ પ્રતિ નહિ પરંતુ પોતાના દેશ પ્રતિ સંપૂર્ણ રીતે વફાદાર છે. અને જો એ બીજા પ્રવાહનું આચરણ કરી રહયાં છે. તો આપણે એમ સમજવું જોઈએ એ જે સરકારને ઉથલાવી આવ્યા છે એનાથી વધુ વફાદારી દેશ પ્રત્યે તેઓ પણ નથી દાખવી રહ્યા. એ બોધ આપણને ખૂબ જ મોડો થાય છે.

**4.** નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો : 20

એક અમીર પોતાના જહાજ પર સમુદ્રીયાત્રા કરી રહ્યો હતો. બરોબર તે જ સમયે પ્રચંડ વાવાઝોડું આવ્યું. જહાજ પર એક ગુલામ જે પહેલીવાર જળમાર્ગે યાત્રા કરી રહયો હતો તે ડરની માર્યો આક્રંદિત થઈ રડવા લાગ્યો. આવું થોડીવાર સુધી ચાલ્યા કર્યું. કોઈ તેને શાંત કરાવી શક્યું નહીં. ક્રોધમાં આવી અમીરે પૂછ્યું, 'શું અહીં કોઈ એવું નથી જે આ કાયર ને શાંત કરી શકે?'

એક ફિલસૂફ પણ એ જહાજમાં યાત્રા કરી રહયો હતો. તેણે અમીરને કહ્યું, 'હે ઉમરાવ, હું આ માણસને શાંત કરી શકું છું, પણ મને એક વાતની પરવાનગી આપો કે હું જે ચાહું તે તેની સાથે કરી શકું'. અમીરે કહ્યું, 'આપી તમને પરવાનગી. તમે જે ચાહો તે કરો'.

ફિલસૂફે કેટલાક નાવિકોને બોલાવ્યા તથા તેમને આદેશ આપ્યો કે આ ગુલામને સમુદ્રમાં ફેંકી દેવામાં આવે. નાવિકોએ એમ જ કર્યું. નિરુપાય બની તે દયાપાત્ર માણસ ભયવશ થઈને ચીસો પાડતાં પાડતાં પોતાના હાથ-પગ વધુ તીવ્રતાથી પછાડવા લાગ્યો. પરંતુ થોડીક વારમાં ફિલસૂફે નાવિકોને આદેશ આપ્યો કે તે ગુલામને જહાજ પર પાછો લાવવામાં આવે. જહાજ પર આવતાં જ એ ભયભીત ગુલામ એકદમ શાંત થઈ ગયો. અમીર આ એકાએક થયેલો ચમત્કાર જોઈને ચકિત થઈ ગયો! તેણે ફિલસૂફને કારણ સમજાવવા કહ્યું. ફિલસૂફે કહ્યું કે, જ્યાં સુધી આપણે કોઈ પણ ખરાબ સ્થિતિમાં નથી મુકાતા ત્યાં સુધી આપણે એ ક્યારેય નથી સમજી શકતા કે આપણે કોઈપણ સ્થિતિમાં કેટલા બરાબર છીએ?

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**5.** નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો: 20

Man has always been fascinated by dreams. He has always tried to find explanations for his dreams. Perhaps dreams tell us about the future or the past, perhaps they tell us about our deepest fears and hopes. I don't know. Today, I want to give you a completely different explanation. But before I do so, I must give you one or two facts about dreams. First of all, everybody dreams. You often hear people say, 'I never dream', when they mean, 'I can never remember my dreams'. When we dream, our eyes move rapidly in our sleep as if we were watching a moving picture, following it with our eyes. This movement is called REM, that is Rapid Eye Movement. REM sleep is the sleep that matters. Experiments have proved that if we wake people throughout the night during REM, they will feel exhausted the next day. But they won't feel tired at all if we take them at times when they are not dreaming. So the lesson is clear : it is dreaming that really refreshes us, not just sleep. We always dream more if we have had to do without sleep for any length of time.

If that is the case, how can we explain it? I think the best parallel I can draw is with computers. After all, a computer is a very primitive sort of brain. To make a computer work, we give it a programme. When it is working, we can say it is 'awake'. If ever we want to change the programme, that is to change the information we put into the computer, what do we do? Well, we have to stop the computer and put in a new programme or change the old programme.

**6.** *(a)* નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો: 2×5=10

*(i)* બારમે શનિ હોવો

*(ii)* રાઈનો પર્વત કરવો

*(iii)* ચીંથરાનો વાઘ કરવો

*(iv)* ખાંડાની ધારે ચાલવું

*(v)* ફૂટી બદામ ન હોવી

*(b)* શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 1×5=5

*(i)* ચોમાસુ પાક

*(ii)* કહ્યા પ્રમાણે કરે તેવું

*(iii)* જેનો કોઈ અંત નથી તે

*(iv)* ટાળી ન શકાય તેવું

*(v)* કોઈની સાથે સરખાવી ન શકાય તેવું

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપોઃ 1×5=5

(i) રૂપવાન

(ii) મહાત્મા

(iii) દિવંગત

(iv) વકીલ

(v) વિમુખ

(d) નીચેના શબ્દોની જોડણી સુધારોઃ 1×5=5

(i) અવીછીન્ન

(ii) ધુમાધુમ

(iii) વીસ્ખલીત

(iv) સ્વનીયંત્રીત

(v) ઉર્મિ

(e) નીચેના શબ્દોના સમાનાર્થ/પર્યાયવાચી શબ્દો આપોઃ 1×5=5

(i) અવાજ

(ii) કામદેવ

(iii) માતંગ

(iv) કમળ

(v) સુંદર

(f) નીચેની કહેવતોનો અર્થ આપોઃ 2×5=10

(i) આપ ભલા તો જગ ભલા

(ii) ઉતાવળે આંબા ન પાકે

(iii) કાગનું બેસવું ને ડાળનું પડવું

(iv) કૂવામાં હોય તો હવાડામાં આવે

(v) ઘેર ઘેર માટીના ચૂલા

★ ★ ★